# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-05-2024** **Evening : 7.50 to 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- ✓ ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વારાણસી લોકસભા બેઠક પરથી ઉમેદવારીપત્ર ભર્યું.
- ✓ ગૃહ મંત્રાલયે પોલીસ, અને વિવિધ કેન્દ્રીય તપાસ એજન્સીઓના નામે છેતરપિંડી કરનારાઓથી સાવચેત રહેવા સલાહ આપી.
- ✓ ચૂંટણી પંચે આદર્શ આચારસંહિતા અમલ બાદથી નેવું ટકાથી વધુ ફરિયાદોનું નિરાકરણ કર્યું.
- ✓ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આજે ત્રીસ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું.
- ✓ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં સુરક્ષા દળની સાથે અથડામણમાં એક પોલીસ અધિકારી સહિત ચારના મોત - 100થી વધુ લોકો ઈજાગ્રસ્ત.
- ✓ ફ્રાન્સમાં આજથી મા કાન્સ ફિલ્મ મહોત્સવનો પ્રારંભ77.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM Nomination

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશની વારાણસી લોકસભા બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. આ પ્રસંગે તેમની સાથે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તથા તેમના સમર્થક પંડિત ગણેશ શાસ્ત્રી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે શ્રી શાસ્ત્રીએ અયોધ્યા શ્રીરામમંદિરની પ્રાણપ્રતિષ્ઠાનું શૂભ મૂહુર્ત કાઢ્યું હતું.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, વરિષ્ઠ નેતા ચંદ્રબાબુ નાયડુ સહિત અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓ અહીં ઉપસ્થિત રહ્યા હતા.

ઉમેદવારીપત્ર ભરતાં પહેલાં પ્રધાનમંત્રીએ દશાશ્વમેધ ઘાટ પર અને કાલભૈરવ મંદિરમાં પૂજાઅર્ચના કરી હતી. વારાણસીમાં પહેલી જૂને સાતમા અને અંતિમ તબક્કામાં મતદાન યોજાશે, જેનાં માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે અંતિમ દિવસ હતો.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી શ્રી મોદી  વર્ષ 2014 અને 2019માં વારાણસી લોકસભા બેઠક પરથી જંગી બહુમતીથી ચૂંટાયા હતા.

. . . . . . . . . . . . . .

# UP POLL CAMPAIGN

વિવિધ રાજકીય પક્ષોના વરિષ્ઠ આગેવાનોએ આગામી લોકસભા ચૂંટણી માટે પ્રચાર કર્યો હતો.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝારખંડમાં કોડરમા લોકસભા બેઠક માટે બીરની ખાતે જાહેરસભા સંબોધી હતી. તેમણે જણાવ્યું હતું કે એનડીએ સરકારે દેશમાં નકસલવાદી હિંસા પર કાબુ મેળવ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે આજે પશ્ચિમ બંગાળમાં ઉલુબેરિયા અને બોનગાવ લોકસભા મતવિસ્તારમાં જનસભાઓને સંબોધી હતી.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ અમેઠીના મુનશીગંજમાં ભાજપનાં ઉમેદવાર અને કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાનીના સમર્થનમાં રાજકીય સભા સંબોધી હતી. અમેઠી લોકસભા બેઠક પરથી કોંગ્રેસના કિશોરીલાલ શર્મા મેદાનમાં છે. શ્રી નડ્ડાએ જણાવ્યું કે, કોરોના મહામારી બાદ અમારી સરકારે વિશ્વની સૌથી મોટી અનાજ વિતરણ યોજના શરૂ કરી હતી. તો મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ અમેઠીમાં રેલીને સંબોધી હતી.

તો આ તરફ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ અમેઠીમાં ચૂંટણી સભાને સંબોધી હતી.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે મળી ઝાંસીમાં કોંગ્રેસના ઉમેદવાર પ્રદીપ જૈનના સમર્થનમાં રેલી યોજી હતી.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ મહારાજગંજમાં રેલી યોજી હતી. શ્રી ખડગેએ કહ્યું કે, જો તેમનો પક્ષ સત્તામાં આવશે તો ખેતી પર લગાવવામાં આવતા વસ્તુ અને સેવા કરને નાબૂદ કરવામાં આવશે.

……………..

## HOME MINISTRY FRAUD

ગૃહ મંત્રાલયે પોલીસ, કેન્દ્રિય તપાસ એજન્સી, નાર્કોટિક્સ વિભાગ, ભારતીય રિઝર્વ બેન્ક, પ્રવર્તમાન નિદેશાલય અને અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓના અધિકારીઓની નકલી ઓળખ આપી છેતરપિંડી કરનારાઓથી સાવચેત રહેવા સલાહ આપી છે. મંત્રાલયના જણાવ્યા મુજબ, નેશનલ સાઈબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર સરકારી અધિકારીઓ તરીકે સાઈબર ગુનેગારો દ્વારા ધાકધમકી, ખંડણી સહિતના મામલા અંગે મોટી સંખ્યામાં ફરિયાદ નોંધાઈ રહી છે.

મંત્રાલયે જણાવ્યું કે, કેટલાક પીડિતોએ આવા ગુનેગારોની વાતમાં ફસાઈને મોટી રકમ પણ ગુમાવી છે. નાગરિકોએ મદદ માટે સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર એક નવ ત્રણ શૂન્ય અથવા www.cybercrime.gov.in પર તાત્કાલિક ઘટનાની જાણ કરવી જોઈએ.

................

## ECI COMPLAINT

ચૂંટણી પંચે કહ્યું કે, આદર્શ આચારસંહિતા અમલમાં લાવ્યા બાદથી નેવું ટકાથી વધુ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે. તેમ જ કૉંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી સિવાય રાજકીય પક્ષો તરફથી કોઈ મોટી ફરિયાદનું નિરાકરણ કરવાનું બાકી નથી. ચૂંટણી પંચે આજે એક નિવેદનમાં કહ્યું કે, વિવિધ રાજકીય પક્ષ અને ઉમેદવારોએ 425 મોટી ફરિયાદ નોંધાવી છે. આમાંથી 400 મામલામાં કાર્યવાહી

અથવા તો સમાધાન કરવામાં આવ્યું છે.. જેમાં કૉંગ્રેસ તરફથી 170, ભાજપ તરફથી 95 અને અન્ય પક્ષની 160 ફરિયાદ છે.

ચૂંટણી પંચે જણાવ્યું કે, આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘનના આક્ષેપમાં કૉંગ્રેસ અને ભાજપની એકબીજા વિરૂદ્ધ કેટલીક ફરિયાદોનું નિરાકરણ કરવાનું બાકી છે. ચૂંટણી પંચ આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘન કરનારા નેતાઓને નોટિસ પાઠવી રહ્યું છે.

.................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . .

## CHHATTISGARH-MAOIST-SURRENDER

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આજે ત્રીસ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું. આમાંથી નવ માઓવાદીઓ પર 39 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારની પુનઃર્વસન નીતિથી પ્રભાવિત થઈને આ માઓવાદીઓએ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના નાયબ પોલીસ મહાનિરીક્ષક અને પોલીસ અધિક્ષક સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં બીજાપુર જિલ્લામાં એકસો એંસી માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે સિત્તેર માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે.

.................

# PoK VIOLENCES

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર – **PoK**માં સુરક્ષા દળની સાથે હિંસક ઘર્ષણમાં એક પોલીસ અધિકારી સહિત ચાર લોકોના મોત નીપજ્યા છે. જ્યારે 100થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

કરમુક્ત વિજળી અને લોટ પર નાણાકીય સહાયની માગ સાથે હજારો લોકો શુક્રવારે રસ્તા પર પ્રદર્શન કરી રહ્યા છે. પ્રદર્શનકર્તાઓ અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણ દરમિયાન પ્રદર્શન હિંસક બની ગયું હતું. ત્યારબાદ સરકારે ધારા 144 લાગુ કરી શાળાઓ, સાર્વજનિક પરિવહન, વ્યવસાયો અને મોબાઈલ સંચારને બંધ કરી દીધું છે.

ઊર્જા ખર્ચમાં વધારો થવાથી પાકિસ્તાનનું અર્થતંત્ર છેલ્લા 2 વર્ષમાં ફુગાવા અને ખરાબ આર્થિક વિકાસનો સામનો કરી રહ્યું છે. આ વર્ષે મે મહિનામાં ફુગાવાનો દર 38 ટકા સુધી પહોંચી ગયો છે.

................

## CANNES FILM FESTIVAL

ફ્રાન્સના કાન્સમાં આજે ભારત પણ .મા કાન્સ ફિલ્મ મહોત્સવનો પ્રારંભ થશે77 ભારતીય પ્રતિનિધિ દળમાં .આ બાર દિવસીય યોજાનારા કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યું છે ભારત સરકાર અને રાજ્ય સરકારના પ્રતિનિધિ તથા ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો સંકળાયેલા છેભારત ., આ મહોત્સવમાં પહેલી વખત ભારત પર્વની અધ્યક્ષતા કરવા જઈ રહ્યું છેતો આ ફિલ્મ મહોત્સવમાં ભારતીય પેવેલિયન ., ભારતીય ફિલ્મ જગત માટે વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે એક મંચ તરીકે કાર્ય કરશેભારત . મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સ55 પર્વમાંવ – I.F.F.I. ના પૉસ્ટર અને ટ્રેલરનું પણ અનાવરણ કરવામાં આવશે .I.F.F.I. નું આયોજન નવેમ્બર 28 થી20 .વચ્ચે ગોવા ખાતે કરવામાં આવશે

................

# IPL CRICKET

આઈપીએલ ક્રિકેટમાં આજે નવી દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મેચ રમાઇ રહી છે.

દિલ્હી કેપીટલ્સની ટીમ બેટીંગ માટે મેદાનમાં ઉતરી છે.

કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમ ગઈકાલે પ્લેઑફ માટે ક્વાલિફાઈ થઈ ગઈ છે. જ્યારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વરસાદના કારણે મેચ રદ થયા બાદ ગુજરાત ટાઈટન્સની ટીમ બહાર થઈ ગઈ છે. જોકે, બંને ટીમને એક-એક પૉઈન્ટ આપવામાં આવ્યા.

.................

# DELHI-OPERATION-MILAP

દિલ્હી પોલીસે ‘ઑપરેશન મિલાપ’ હેઠળ 68 વર્ષનાં એક મહિલાનું તેમના પરિવારજનો સાથે મિલન કરાવ્યું છે. આ મહિલા આસામથી પરિવાર સાથે દિલ્હી ફરવા આવ્યાં ત્યારે લાલ કિલ્લામાં તેઓ પરિવારથી વિખૂટાં પડી ગયાં હતા.

ઉત્તરી જિલ્લાના નાયબ પોલીસ કમિશનર મનોજકુમાર મીણાએ કહ્યું કે, મહિલા ગુમ થયાની માહિતી મળતાં કોતવાલી પોલીસે તાત્કાલિક લાલ કિલ્લા વિસ્તારમાંથી મહિલાને શોધી તેમને વૃદ્ધાશ્રમ મોકલી આપ્યાં હતાં. ત્યારબાદ પોલીસે આ મહિલાનું

તેમના પરિવાર સાથે મિલન કરાવતા પરિવારજનોએ દિલ્હી પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

................

## BCCI COACH

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડ – **BCCI**એ પુરૂષોની રાષ્ટ્રીય ટીમના મુખ્ય કોચ માટે અરજી મંગાવી છે. જેમનો કાર્યકાળ આ વર્ષે એક જુલાઈથી શરૂ થશે અને 31 ડિસેમ્બર 2027એ પૂર્ણ થશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2027માં જ એક દિવસીય વિશ્વકપનું આયોજન કરવામાં આવશે.

................

## IMD WEATHER

હવામાન વિભાગે કહ્યું કે, આજે અને આવતીકાલે, કોંકણના અનેક વિસ્તારમાં ભારે ગરમી યથાવત્ રહેવાની શક્યતા છે. પશ્ચિમી રાજસ્થાનમાં આવતીકાલથી શનિવાર સુધી અતિશય ગરમી પડવાની પણ સંભાવના છે. ઉત્તરપ્રદેશ, પંજાબ,

હરિયાણાના દક્ષિણી ભાગ અને બિહારમાં પણ બુધવારથી આગામી ત્રણ દિવસ સુધી અતિશય ગરમી યથાવત્ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, 18 મે સુધી દેશના દક્ષિણી ભાગોમાં ગાજવીજ સાથે ભારે વરસાદ યથાવત્ રહે તેવી શક્યતા છે. જ્યારે મધ્ય અને પૂર્વ ભારતમાં પણ આજે ગાજવીજ સાથે ભારે વરસાદની સંભાવના છે.

.................